# ડીસામાં ચારથી વધુ મકાનોનાં તાળા તૂટ્યા બે લાખથી વધુની ચોરીની ફરિયાદ

ડીસા, તા. ૩

ડીસામાં તસ્કરોને મોકળું મેદાન મળતા અહી છાસવારે ઘરફોડ ચોરીના અનેકો બનાવો નોંધાવા પામ્યા છે. જો કે પોલીસ દફતરે એફ.આઈ.આર. તો થાય છે પણ થયેલ ફરિયાદના આરોપી સહીત કુલ રૂપિયા બે લાખથી વધુની મત્તા ચોરી કરી હતી. ડીસાના મુખ્ય રસ્તા પરના આ ફલેટમાં નિર્ભય બનેલા તસ્કરોએ નંદુભાઈ સોની તેમજ અન્ય બે મકાનોના પણ તાળા તોડ્યા હતા. જો કે તેમાંથી કોઈ મોટી રકમ ચોરાઈ ન આ ફલેટમાં રહેતા મહેન્દ્રભાઈ શાહને મકાનમાંથી બે લાખથી વધુની માલમત્તા જ્યારે અન્ય પોપટજી મેવાડાનું મોટર સાયકલ સહીત સ્વ બે લાખથી વધુની ઘરફોડ ચોરી નોંધાઈ છે. આ ચોરીની ઘટનાની જાણ થતા ઉત્તર પોલીસ ઘટના



ન ઝડપાતા લોકોમાં રોષ સાથે ભયનું વાતાવરણ ફેલાયેલ છે.

ડીસા શહેરી અને ગરમીના વિસ્તારોમાં તસ્કરરાજ જેવી સ્થિતિ સર્જાઈ છે ત્યારે 'નોક આઉટ' રહેલા તસ્કર ગેંગે પુનઃ ડીસાના હાઈવે વિસ્તારમાંઆવેલી સંભવનગર સોસાયટી અને પાર્થ ફ્લેટનાં ત્રણ મકાનોને નિશાન બનાવ્યા હતા. જો કે સંભવનગર સોસાયટીમાં માત્ર તાળા તોડીચોરી કરવામાં નિષ્ફળ નીવડેલા ચોરોએ આ વિસ્તારમાંથી શાહ મુકેશકુમારની એક મોંઘી કાર પણ ચોરી હતી જો કે તે છાપી નજીકથી મળી આવીહતી જો કે બાજુમાં જ આવેલા પાર્થ ફ્લેટને નિશાન બનાવી લાખોની ચોરીને અંજામ આપ્યો હતો. જેમાં પાર્થ ફલેટમાં રહેતા મહેન્દ્રકુમાર દેવચંદ શાહનાં મકાનમાં મોડીરાત્રે ઘુસેલા અજાણ્યા તસ્કરોએ તિજોરી તોડી તેમાં પડેલી સોનાની ચેન, સોનાની બે વીંટી, ચાંદીના વાસણ અને ગલ્લામાં પડેલા દસ હજાર તેમજ અન્ય પચાસ હજાર રોકડ હતી. જ્યારે તસ્કરો ગેંગ અને વાહન ચોર ગેંગ સાથે જ આવી હોય તે રીતે આ ફલેટમાં રહેતા અન્ય રહીશ મેવાડા પોપટજી રૂપાજીનુંપાર્કિંગમાં પડેલુંમોટર સાયકલ પણ ચોરી કરી લઈ જવાતા સ્થળે દોડી આવી હતી. અને અજાણ્યા તસ્કરો સામે ગુનો દાખલ કરેલ છે તેમજ એફ.એસ.એલ. અને ડોગ સ્કોર્ડની મદદે આ ચોરીનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરેલ છે.

## ધનસુરામાં તસ્કરોનો તરખાટ

ધનસુરા, તા. ૩

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં મોડી રાતે તસ્કરોએ સપાટો બોલાવી ત્રણ સ્થળોએ ઘરફોડ ચોરી કરતા પ્રજામાં ભયનું વાતાવરણ જોવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં ગતરોજ તસ્કરોએ ત્રણ ઘરફોડ ચોરીને અંજામ આપી ભારે સપાટો બોલાવ્યો હતો. તાલુકાના વડાગામની શિવમ સોસાયટીમાં રહેતા પ્રવિણભાઈ પટેલ પરિવાર સાથે લગ્નમાં ગયા હતા. બંધ મકાનને જોતા જ તસ્કરોએ તેને નિશાન બનાવ્યું હતું અને મકાનના તાળા તોડી રૂ. ૨૫ હજારની રકમ ઉઠાવી ગયા હતા. બાદમાં નજીકના અન્ય એક મકાનના તાળા તોડી તેમાંથી રૂ. ૧૫ હજારની મત્તા તથા લક્ષ્મીગેસ એજન્સીના ગોડાઉનના તાળા તોડી અંદરથી ગેસ ભરેલા ૨૬ સિલિન્ડર અને ૮ ખાલી સિલિન્ડર મળી કુલ અંદાજે ૬૦ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. એક સાથે ત્રણ ત્રણ ઘરફોડની ઘટના થતા લોકોમાં ભયનું વાતાવરણ ફેલાયું છે.

# ડીસામાં રોયલ્ટી ચોરી કરતાં છ શંકાસ્પદ ડમ્પર ઝડપાયા

ડીસા, તા. ૩

ડીસાના કાંટ ગામ પાસેથી ખનીજ ચોરીની રજૂઆત આધારે ડીસાના મામલતદાર અને ટીમે રાત્રી સમયે પોલીસ સાથે રાખી તપાસ હાથ ધરી હતી, આ તપાસ દરમ્યાન તેમને છ જેટલી ટ્રકો શંકાસ્પદ હાલતમાં માટી ખનીજ સાથે મળી આવતા અને આ ટ્રક ચાલકો પાસે આ ખનીજ ક્યાંથી લાવ્યા તે બાબતે યોગ્ય ખુલાસો ન કરી શકતા તમામ ટ્રકો જપ્ત કરાઈ છે અને આ મામલે તપાસ હાથ ધરતા ખનીજ ચોરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપેલ છે.

આ અંગેની મળતી વિગતો જોઈએ તો ડીસાની બનાસ નદીમાંથી ગેરકાયદેસર રીતે ચાલતી ક્વોરીઓમાંથી લાખો રૂપિયાની રોયલ્ટીની ચોરી થતી હોવાની વારંવારની ફરિયાદો ડીસા મામલતદાર કચેરીને મળતી હતી જેમાં રવિવારની રાત્રે કાટ ગામના કેટલાક રહીશોએ દિવસ રાત દોડધામ કરતા રાક્ષસી ડમ્પરોની ટીમ દ્વારા અમુલ્ય એવા ખનીજની થતી ચોરી અટકાવવા વોચ રાખી હતી, અને મોડી રાત્રએ ગ્રામજનોએ જાહેર હિતના ગાંધીગીરી પ્રયાસમાં આ ડમ્પરોમાંથી છ ડમ્પરો ઝડપી પાડી



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસાના મામલતદાર શિવરાજ ગીલ્વાને જાણ કરી હતી.

આ મામલાની ગંભીરતા સમજી ડીસા મામલતદાર ગીલ્વાએ લોકો અને ડમ્પર ચાલકો વચ્ચે સુલેહ ભંગ ન થાય તે ધ્યાને રાખી પોલીસ સાથે ઘટના સ્થળેથી છ ડમ્પરનો કબજો મેળવ્યો હતો. આ મામલે ડીસા મામલતદાર કચેરીના સર્કલ ઓફિસર કલાજીએ માહિતી આપતા જણાવેલ કે 'રાત્રી સમયે મામલતદાર ડીસાએ આ ટ્રકો ઝડપી પાડી હતી, અને તેમની પાસે વજન, પાસ પરમિટ ના મળતા ડમ્પરચાલકોના નિવેદનો નોંધી કાર્યવાહી હાથ ધરાયેલ છે તેમની તપાસમાં બહાર આવેલ કે આ ડમ્પર રસાણા નજીક કોઈ ખેતરમાં પૂરાણ માટે માટી લઈ આવ્યા હતા.

આ સમગ્ર મામલો હાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગની હકુમતમાં આવતો હોઈ હવે પછી નીમ કાર્યવાહીમાં ડમ્પરચાલકો અમુલ્ય ખનીજ રેતી ક્યાંથી લાવતા હતા ? તેમજ પાસ કેમ સાથે ન રાખ્યો ? તેમજ આ રોયલ્ટી ચોરી કરી લઈ જતા ડમ્પરો છે કે કેમ ? તેની તપાસ હાથ ધરેલ છે. આમ ડીસા મામલતદારની જાગૃતિએ છ જેટલા શકમંદ ડમ્પર ઝડપાતા રોયલ્ટી ચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયેલ છે.

## સેવાલિયામાં અપુરતી સુવિધાથી નગરજનો પરેશાન

સેવાલિયા, તા. ૩

ખેડા જિલ્લાના નવનિર્મિત ગલતેશ્વર તાલુકાના મુખ્યમથક સેવાલિયામાં અપુરતી સુવિધાથી નગરજનો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. સત્વરે તંત્ર દ્વારા આ મુશ્કેલીઓનો અંત લાવવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ખેડા જિલ્લાના નવનિર્મિત ગલતેશ્વર તાલુકામાં અપુરતી સુવિધાથી નાગરિકો પરેશાન થઈ રહ્યા છે. વિકાસની કેડી હરણફાળ ભરી રહેલુ સેવાલિયા ખેડા પંચમહાલ જિલ્લાની સરહદ પર હોવાથી અને સેવાલિયા ઓ.પી.માં પુરતા પ્રમાણમાં પોલીસ સ્ટાફ ન હોવાથી સતત ગુનાનો ગ્રાફ વધી રહ્યો છે. તો બીજી તરફ બંધ પડેલ સેવાલિયા મામલતદાર કચેરી કામ કરતી થાય અને પોલીસ તંત્રના મહેકમમાં વધારો થાય તેવી પણ નાગરિકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. અને સત્વરે તંત્ર કાર્યવાહી કરે તેવી માંગ પણ કરી રહ્યા છે.

## વિવિધ જાહેરાત અંગે નોટીસ કાર્યવાહી શરૂ

અમદાવાદ, તા. ૦૩

અમદાવાદ શહેરના દક્ષિણ ઝોનના દબાણ વિભાગ સહિતના એસ્ટેટ ટીડીઓ ખાતા દ્વારા સ્કીમો મુકનાર બિલ્ડર/ડેવલપર પૈકી જાહેરાતો કરનાર એવા કુલ ૨૫ કેસોમાં કુલ રૂા. ૩૯,૩૦,૦૦૦ની વસુલાત માટે નોટીસો આપવામાં આવેલી હતી. કુલ ૯ ડેવલપમેન્ટ હાઉસીંગ / બિલ્ડર પ્રોજેક્ટરોને કુલ રૂા. ૧૫,૯૦,૦૦૦ રૂપિયાની વસુલાત માટે નોટીસો આપવામાં આવેલી છે. આમ સોમવારના રોજ કુલ ૯ જેવલપમેન્ટ હાઉસીંગ / બિલ્ડીંગ પ્રોજેક્ટરની વિવિધ જાહેરાતો સંદર્ભે રૂા. ૧૫,૯૦,૦૦૦ વહીવટી ચાર્જ વસુલવા બાબતે નોટીસ જારી કરવામાં આવેલી છે અને આમ અત્યાર સુધીમાં કુલ ૩૪ કેસોમાં રૂા. ૫૫,૨૦,૦૦૦ની વસુલાત માટે નોટીસો જારી કરવામાં આવેલી છે.

લાંભા વોર્ડમાં સ્વામીનારાયણ-૧, સ્વામીનારાયણ-૨, સ્વામીનારાયણ-૬, સ્વામીનારાયણ-૭, સ્વામીનારાયણ-૮, સંગમ રેસીડેન્સી, વેદિકા રેસીડેન્સી, તુલસીવીલા, સ્વામીનારાયણ-૯ નાઓને નોટીસો આપવામાં આવેલી છે.

## કહેતા ભી દિવાના ઔર સુનતા ભિ દિવાના...

(દર્શન મારૂ) પ્રાંતિજ, તા.૩

'શું તમને તમારા મૃત્યુનો દિવસ ખબર છે?' ના નથી ને...! પણ સાબરકાંઠાના પ્રાંતિજના એક વેપારીને પોતાના મૃત્યુનો દિવસ ખ્યાલ પડી જતાં તેણે સગા સંબંધીને જાણ કરી હતી કે મને સ્વપ્નું આવ્યું છે કે ૨જી ફેબ્રુઆરીએ રાત્રે ૧૧.૩૦ કલાકે મારું મૃત્યુ થશે. જે ઘટનાએ હાલ ભારે કુતુહલતા જગાવી હતી જયારે આ ઘટનાનું પરિણામ નિહાળવા લોકો પણ તત્પર બન્યા હતા. ૧૫ દિવસના અંતે સ્વપ્ન ખોટું પડતા આ સમગ્ર હાઈ વોલ્ટેજ ડ્રામાનો અંત આવ્યો હતો.

અજીબો ગરીબ પ્રકારના ભારત દેશમાં અવાર નવાર અજીબો ગરીબ ઘટનાઓ ઘટે છે. થોડા સમય પહેલા ઉત્તરપ્રદેશના એક સંત શોભન સરકારને સ્વપ્નું આવ્યું હતું કે ઉત્તર પ્રદેશના એક સ્થળે એક રાજાએ વર્ષો પહેલા જમીન નીચે હજારો ટન સોનું છુપાવ્યું છે અને એજ સોનું હાલ પણ તે જમીન નીચે દટાયેલું છે. આથી આ ચર્ચાએ ભારે જોર પકડયું હતું. સંતના આ પ્રકારના સ્વપ્નને લઈ ભારતના પુરાતત્વ વિભાગે કોદાળી પાવડા સહિતના હથિયારો સાથે ત્યાં તંબુ તાણ્યા હતા. પરંતુ અંતે સોનું મળવાનું સ્વપ્નું જ રોળાઈ ગયું અને સંતના કરેલા દાવા નિષ્ફળ પડયા હતા. બરોબર આવો જ એક કિસ્સો સાબરકાંઠાના પ્રાંતિજમાં બન્યો હતો. આ ઘટનાની વિગત એ છે કે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં પોયડા ગામ આવેલું છે. જયાં વર્ષોથી પોતાના પરિવાર સાથે ૪૬ વર્ષીય જસવંતસિંહ બેચરસિંહ ચૌહાણ રહે છે. જસવંતસિંહ જે.બી. સાઉન્ડનો ધંધો કરે છે અને એક ભજનીક તરીકેનું કામ કરે છે. તેમને અગાઉ એક બે વાર સ્વપ્નાઓ આવ્યા હતા કે આજે ગામમાં કોઈનું મૃત્યુ થશે અને તેમની આ પ્રકારની આગાહી સાચી પણ ઠરી હતી ત્યારે આજથી ૧૫ દિવસ પહેલા વેપારી જસવંતસિંહ બેચરસિંહ ચૌહાણને રાત્રિ દરમિયાન સ્વપ્ન આવ્યું હતું કે તા. ૨જી ફેબ્રુઆરી ૨૦૧૪ ના રોજ રાત્રિના ૧૧.૩૦ કલાકે મારું મૃત્યુ થઈ જશે. આ પ્રકારનું સ્વપ્નું આવતા જસવંતસિંહે સમગ્ર સ્વપ્ના અંગે સગા સંબધી અને પરિવારજનોને જાણ કરી જેથી સ્નેહીજનો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા જેથી તેમની પાસે દોડી આવ્યા હતા. ધીમે ધીમે આ ઘટનાની જાણ ગ્રામજનો સહિતના આસપાસના વિસ્તારમાં થતા લોકોમાં એક પ્રકારની કુતુહલતા જોવા મળી હતી અને લોકોના ટોળેટોળા તેમના ઘરે દોડી આવ્યા હતા. તો બીજી તરફ એકાદ બે દિવસ થતા જસવંતસિંહ સતત 'હું મરી જવાનો' તેવા વિચારો સાથે સુનમુન થઈ ગયા હતા. પરિવારજનો અને ગ્રામજનો પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા અને ભગવાનની ભકિતમાં લાગી ગયા હતા. રોજ સવાર સાંજ રામધૂન ભજન પ્રાર્થનામાં લોકો લાગી ગયા હતા તો ભુવા-ધાકરીયા અને તબીબો પણ દોડી આવ્યા હતા બધા આતુરતાથી આ કુતુહલતાના પરિણામની રાહ જોતા હતા અને આ અંગે ગત રોજ ૧૧.૩૦ કલાકે હજારોની સંખ્યામાં લોકોના ટોળા દોડી આવ્યા હતા અને ૧૧.૩૦ કલાકનો સમય વિતિ ગયો અને સ્વપ્નું સ્વપ્નું જ રહી ગયું અને જીવ બચી ગયો...આમ ૧૫ દિવસ અંતે સમગ્ર હાઈ વોલ્ટેજ ડ્રામાનો અંત આવ્યો હતો. આ ઘટનાથી એ સાબિત થાય છે કે હજુ પણ અંધશ્રધ્ધા એ લોકોમાં ઘરી કરી રાખ્યું છે....

**પ્રાંતિજના એક વેપારીને મૃત્યુનું સ્વપ્નું આવ્યું ને ગામ ઘેલું કર્યું...**

# પાટણમાં નવનિર્મિત આર.ટી.ઓ. કચેરીનું લોકાર્પણ

## નાણામંત્રીએ ૬ કરોડના વિકાસલક્ષી કામોનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

પાટણ, તા. ૩

પાટણ તાલુકાના ગોલાપુર ગામે ગુજરાત સરકારના વાહન વ્યવહાર વિભાગ દ્વારા રૂ. ૩.૭૫ કરોડના ખર્ચે નવનિર્મિત એ.આર.ટી.ઓ. કચેરીનું લોકાર્પણ તેમજ પાટણ નગરપાલિકાના રૂ. ૫૮૭.૪૬ લાખના વિકાસલક્ષી કામોના લોકાર્પણ અને આરોગ્ય વિભાગના રૂ. ૬ કરોડના લોકાર્પણનો કાર્યક્રમ રાજ્યના નાણાં, આરોગ્ય, તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ અને વાહન વ્યવહાર મંત્રી નીતિનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે રાજયકક્ષાના આરોગ્ય અને વાહન વ્યવહાર મંત્રી પરબતભાઈ પટેલ, પાટણ જિલ્લાના પ્રભારી મંત્રી અને સામાજીક, શૈક્ષણિક રીતે પછાત વિભાગના રાજ્યકક્ષાના મંત્રી લીલાધરભાઈ વાઘેલા, રાજ્યકક્ષાના પશુપાલન મંત્રી દિલીપભાઈ ઠાકોર, રાજ્યસભાના સાંસદશ્રી દિલીપભાઈ પંડ્યા, પાટણના ધારાસભ્ય રણછોડભાઈ રબારી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નાણાં, આરોગ્ય , તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ અને વાહન વ્યવહાર મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, પાટણ જિલ્લામાં આરોગ્ય, વાહન વ્યવહાર વિભાગ અને નગરપાલિકા, પાટણના કુલ રૂ. ૧૬ કરોડના કામોના લોકાર્પણ કરવામાં આવ્યા. જેનાથી પ્રજાજનોના સુખ સુવિધામાં વધારો થશે. રાજ્ય સરકાર દ્વારા છેવાડાના માનવી સુધી આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે. મંત્રીશ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકારે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી પ્રજાજનોના કામોમાં પારદર્શકતા અને ઝડપ લાવવામાં આવી રહી છે.



(તસવીર : ચેતન રામી, પાટણ)

ગરીબ લોકોને રોજગારી મળી રહી છે. રૂ. ૨ લાખની ઓછી આવકવાળા દર્દીઓને ગંભીર રોગો જેવા કે, હૃદય રોગ, કેન્સર, કીડનીના રોગોમાં રાજ્ય સરકાર ૫૦ ટકાની રાહત આપે છે. આરોગ્યની વિવિધ યોજનાઓનો લાભ લેવા પ્રજાજનોને અનુરોધ કર્યો હતો. પાટણ જિલ્લાના પ્રભારી મંત્રી લીલાધરભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, પાટણ જિલ્લાનો વિકાસ ઉડીને આંખે વળગે તેવો છે. પાટણ જિલ્લાની કાયાપલટ થઈ છે. નપાણિયો પ્રદેશ હવે હરિયાળો બન્યો છે. સૌનો સાથ સૌનો વિકાસ મંત્ર લઈ સૌ આગળ વધીએ તેવી મંત્રીશ્રીએ અપીલ કરી હતી.

રાજ્યકક્ષાના પશુપાલન મંત્રી દિલીરભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે, પાટણ જિલ્લાનો વિકાસ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૧૨ વર્ષના પારદર્શી શાસનને આભારી છે. પાટણ શહેરની જનતાની સુવિધા માટે રૂ. ૨૯ લાખની બે સીટી બસને મંત્રી નીતિનભાઈ પટેલે લીલી ઝંડી આપી હતી. આ પ્રસંગે વાહન વ્યવહાર વિભાગના કમિશનર જે.પી. ગુપ્તાએ સ્વાગત પ્રવચન કરતાં એ.આર. ટી.ઓ. કચેરીની વિગતવાર માહિતી આપી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ મોહનભાઈ પટેલ, નગરપાલિકા, પાટણના પ્રમુખ હેમંતભાઈ તન્ના, એસ.ટી. વિભાગના ડીરેક્ટર કે.સી. પટેલ તેમજ આરોગ્ય અને વાહન વ્યવહાર વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ અને મોટી સંખ્યામાં નગરજનો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## બીઆરટીએસની ૧૧ સીટો મહિલા માટે અનામત જાહેર

અમદાવાદ, તા. ૦૩

અમદાવાદ શહેરમાં એસટી બસો અને એએમટીએસ બસોમાં મહિલા સીટ અનામત રાખવામાંઆવી છે, પરંતુ આજ સુધી તેનો કોઈ અમલ કરવામાં આવ્યો નથી.બીઆરટીએસ ૮૬ કિ.મી. રૂટમાં દોડે છે જેમાં રોજ ૧.૩૫ લાખ મુસાફરો મુસાફરી કરે છે. પરંતુ તંત્ર દ્વારા શહેરમાં દોડતી બીઆરટીએસની ૧૧ સીટો મહિલા અનામત જાહેર કરાઈ છે.

મહિલાઓની સુવિધા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે જેના ભાગરૂપે આગળની કુલ સાત સીટ મહિલા તેમજ વરિષ્ઠ નાગરિકો માટે શરૂઆતથી જ આરક્ષિત કરવામાંઆવી છે. શહેરમાં બીઆરટીએસની ૧૩૦ બસો દોડી રહી છે. આ તમામ બીઆરટીએસ બસમાં મોટેભાગે મહિલાઓ મુસાફરી કરતી હોય છે. પરંતુ તેમાં બીજા ઘણા મુસાફરો બેસી જતા હોવાથી વિકલાંગો, અંધજનો તેમજ મહિલાઓ તે સીટોનું લાભ શકતા નથી. પરંતુ અમદાવાદ બીઆરટીએસની આગળની ૧૧ સીટો મહિલા અનામત જાહેર કરવામાં આવી છે. જેના અમલીકરણ માટે સિક્યુરીટી ગાર્ડની સુવિધા પણ કરવામાં આવી છે. સિક્યુરીટી ગાર્ડ બીઆરટીએસ બસમાં ખાસ મહિલા સીટો માટે પાલન કરાવશે.

બીઆરટીએસની સુવિધા સારી બનાવવા ૨૦ મોટા સ્ટેશનો પર સજેશન બોક્સ મુકાયા હતા. જેમાં લોકોએ મહિલાઓ માટે સીટો અનામત રાખવાનું સુચવ્યું હતું. આધારે બીઆરટીએસ જનમાર્ગ દ્વારા મહિલા સીટ અનામત રાખવાનું પગલું ભરવામાં આવ્યું છે. છઠ્ઠી ફેબ્રુઆરીથી બીઆરટીએસની આગળની ૧૧ સીટો પર પુરૂષો બેસી શકશે નહીં. તંત્ર દ્વારા કાયમી ધોરણે ૧૭ બસોમાં અમલીકરણની શરૂઆત કરવામાંઆવશે.

## અમદાવાદ મ્યુનિ. શાળાઓના કેમ્પસમાં એલઈડી ટ્યુબલાઈટ મુકાશે

અમદાવાદ, તા. ૦૩

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લાઈટબિલમાં બચત કરવા માટે વિભિન્ન પ્રકારના ઉપાયો અજમાવાઈ રહ્યા છે. સોલર પાવર, વિન્ડ પાવર, વગેરેની આધુનિક પ્રકારની લાઈટ એલસીડી ધરાવતા સ્ટ્રીટલાઈટના થાંભલા પણ લાઈટ બિલમાંબચત કરવા માટે અમલમાં મુકાઈ રહ્યા છે. ખાસ કરીને કોર્પોરેશનની તમામ શાળાના પરીસરમાં અને વ્યાયમશાળામાં આગામી મહીનાઓમાં એલઈડી ટ્યુબલાઈટના થાંભલા નાંખવામાં આવનાર છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની તમામ મિલકતોનુંદર વર્ષે અંદાજે રૂપિયા ૧૫૦ કરોડનું લાઈટબિલ આવે છે. આ લાઈટબિલમાં બચત કરવા અને લાઈટબિલના અસરકારક ઉપયોગ માટે કોર્પોરેશન દ્વારા એનર્જી ઓફીશીયન્સી સેલની પણ રચના કરાઈ છે. આ એનર્જી ઈફીએન્સી સેલ દ્વારા બનાવાયેલા વિવિધ ઉપાયોગની કોર્પોરેશનને પ્રતિવર્ષ રૂપિયા બે કરોડની બચત થવા લાગી છે અને નજીકના ભવિષ્યમાં આ બચત વધીને રૂપિયા પાંચ કરોડ થાય તેવી સંભાવના છે. આ ઉપરાંત સત્તાવાળાઓએ લાઈટ બિલમાં બચત કરવાના હેતુથી બિનરપરંપરાગત ઉર્જાસ્રોતનો ઉપયોગ કરવા માટે રૂપિયા ૩.૩૮ કરોડના ખર્ચે કોર્પોરેશનની દાણાપીઠમાં આવેલી મુખ્ય કચેરી, મેમ્કો સ્પોર્ટસ કોમ્પલેક્સ, સરદાર પટેલ સ્ટેડીયમમાં સોલર પ્લાન્ટ બેસાડ્યો છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન